ગુજરાતમિત્ર
ભવિષ્ય દર્પણ

# હર વક્ત નયા ચહેરા હર વક્ત નયા વજૂદ
# આદમી ને આઇને કો હેરત મેં ડાલ દિયા

## મેષ (અ.લ.ઈ.)



### માનસિક સ્થિતિ :

**મિત્રો,**

**મિત્રો, સામાન્ય રીતે દરેક માણસ બીજા બધા માણસો સાથે વાત કરતી વખતે અલગ અલગ રીતે વાત કરતો હોય છે. સામેનો માણસ કોણ છે અથવા એ કોની સાથે વાત કરે છે તેના સ્વભાવ અને તેના સ્ટેટસ પ્રમાણે અમૂક માણસોને વાત કરવાની આદત હોય છે. સામેનો માણસ કરોડપતિ હોય તો ભલે પછી એ લબાડ હોય તો પણ એની સાથે પૂરા માન - સન્માનથી વાત કરે છે. જો સામેનો માણસ ગરીબ હોય પછી ભલે એ પ્રમાણિક, સંસ્કારી અને સાત્વિક પ્રકૃતિનો હોય તો પણ એ માણસ સાથે માનથી વાત કરતા નથી. એ તો ઠીક પણ એનું કોઇ સ્ટેટસ કે વેલ્યુ જ નથી એમ માનીને તોછડાઇ થી ગુરુતાગ્રંથીથી કેટલાકને વાત કરવાની આદત હોય છે. એવી જ રીતે ઉંચી પોસ્ટ પર બેઠેલા માણસો સાથે પણ તેમના સ્ટેટસ અને હોદ્દાને જોઇને આપણે માન આપીએ છીએ. પરંતુ ખરેખર એ માણસ કેટલો ભ્રષ્ટાચારી અને ચારિત્રહીન હોય છે તે આપણે ધ્યાનમાં લેતા નથી. પરંતુ કોઇ માણસ ચારિત્રવાન હોય અને ભ્રષ્ટાચાર કરવો પડે એટલે કોઇ હોદ્દો લીધા વગર સેવા કરતો હોય એની કદર થતી નથી અને એવા માણસો મહત્વના હોતા નથી એવું વર્તન કરીએ છીએ.**

**આવું કેમ?**

**સાહેબ, આવા એક ચહેરાની ઉપર અનેક ચહેરા મહોરાવાળા માણસો આ દુનિયામાં આપણને ઘણાં મળશે. અરે, તમે માનશો નહિ પણ એક ખાસ કોમ્યુનિટીના લગભગ બધા જ માણસો પોતે એવું માનતા હોય છે કે એ પોતે ભારતના રાષ્ટ્રપતિ પછી સૌથી વધારે મહત્વના માણસ છે! તમે પણ એમાંના કોઇ ને ઓળખતાજ હશો.**

**હવે અહીંથી તમારી વારતા શરૂ થાય છે.**

**આમ થવાનું કારણ એટલું જ છે કે આપણે જ આપણી આઇડેન્ટીટી અને આંતરિક સૂઝ-બૂઝ ગુમાવી બેઠા છીએ. દુનિયાના મેદાનમાં અને સંબંધોના કુરુક્ષેત્રમાં ટકી રહેવા માટે તમે એવું માની બેઠા છો કે તમારે પણ ચહેરા બદલવા જ પડશે અને તો જ તમે ટકી રહેશો. આમ કરવામાં તમે આઇનાની સામે ઉભા રહો ત્યારે બહારથી તો તમે જે છે તેજ દેખાવવાના છો. પરંતુ તમારા મનના દર્પણમાં દરરોજ તમને પોતાને તમારી અલગ અલગ આઇન્ડેટીટી અને અલગ અલગ વ્યક્તિત્વ લાગે. મેરે દોસ્ત, આ બધું જોઇને મનનો અરિસો - આઇનો પણ હૈરતમાં પડી જાય કે આપણે ખરેખર શું છે? અને કેવા છે?**

**મેષ રાશિવાળી વ્યક્તિઓએ આ વરસમાં એ વાતનો ખાસ ખ્યાલ રાખવાનો કે વરસ દરમ્યાન કેટલીકવાર આપને એવું લાગે કે તમે ચાર રસ્તા પર ઉભા છો. અને આ જગ્યાએથી તમારે કઈ દિશામાં જવાનું છે તેનું તમને કન્ફ્યુઝન રહેશે. તમને ડબલ માઈન્ડ રહેશે કે આ તરફ જવું કે બીજી તરફ એનો તમે ચોક્કસ નિર્ણય લઈ શકો નહીં. કારણ બહારના સંજોગો અલગ હોય અને તમારી અંદરની ઈચ્છા કઇ અલગ હોય.**

**મિત્રો, આવું તમને જીવનના દરેક ક્ષેત્રમાં થાય. તમારા અભ્યાસમાં, તમારા ધંદામાં, અને તમારા અંગત કામોમાં તમારા સંજોગો અને તમારી ઈચ્છાશક્તિ વચ્ચે સંઘર્ષ રહેશે - એટલે નિર્ણય લેવામાં કન્ફ્યુઝન રહેશે.**

**આવા સંજોગોમાં તમારે તમારી ઈચ્છા અને અંતરના અવાજ પ્રમાણે કામ કરવું. તો તમે સાચા રસ્તે જઈ શકશો. જો સંજોગો પ્રમાણે નિર્ણય લેશો તે ખોટો રસ્તો પકડાય જાય અને ભૂલા પડી જવાય એવું બને.**

**પછી શિષ્યએ પૂછ્યું : હે ગુરૂજી માણસો દરેક વખતે ચહેરા અને વજૂદ કેમ બદલતા હોય છે?**

**ગુરુજીએ કહ્યું : - હે વત્સ, જેને પોતાની કોઇ આઇડેન્ટીટી હોતી નથી અને પોતાના પર જ વિશ્વાસ હોતો નથી તેઓ ને જ આવું કરવાની જરૂર પડે છે. સિદ્ધાંત અને નિતીથી જીવવા વાળા માણસો કોઇની પણ સાડાબારી રાખતા નથી!**

### આર્થિક-નાણાંકિય સ્થિતિ :

નવા વરસનો સમય આર્થિક નાણાંકિય દૃષ્ટિએ આપને માટે ઘણો સારો રહેશે. અગાઉના વરસ કરતા આ વરસમાં આપની આવકમાં વધારો થાય. કોઇની પાસે આપના પૈસા લેવાના બાકી હોય કે ઉઘરાણી ફસાય ગઇ હોય તો તે પણ આવી જાય. અત્યાર સુધી આપને બિનજરૂરી ખરચા આવતા હોય તો પણ ઓછા થઇ જાય. **તેમજ આ વરસમાં કોઇ અન અપેક્ષિત જગ્યાએથી પણ પૈસા મળે. આમ એકંદરે નાણાંકિય દૃષ્ટિએ આ વરસ ઘણું સારું રહેશે અને આર્થિક - નાણાંકિય રીતે ઘણી રાહત થઇ જાય.**

### ધંધા-નોકરી :

ધંધા - વ્યવસાયની દૃષ્ટિએ પણ નવા વરસનો સમય પ્રગતિકારક છે. આ વરસ દરમ્યાન કામકાજ વધે, ધંધો વધે, નફો વધે અને બધું સંતોષકારક રીતે ચાલ્યા કરે; **આપના ધંધા વ્યવસાયમાં આ વરસ દરમ્યાન કોઇ નવું સાહસ નવું રોકાણ થવાની પણ શકયતા છે. ધંધામાં કોઇપણ જાતનું એકસ્પાન્શન - ડેવલપમેન્ટ કરવાનું પ્લાનીંગ હોય તો તે માર્ચ ૧૯ પછી કરવાનું સલાહ ભરેલું છે.** માર્ચ પહેલા આ કામમાં વિલંબ થવાની શકયતા છે અને કેટલાક વિઘ્નો કે રૂકાવટ પણ આવી શકે. માર્ચ-૧૯ સુધી કેટલાક અનાવશ્યક બિનજરૂરી ખરચાઓ પણ આવે એટલે બચત થાય નહીં.

નોકરીવાળાને માટે આ વરસનો સમય મધ્યમ છે. અર્થાત ખરાબ તો નથી જ પણ બહુ સારો પણ નથી. **નોકરીમાં જવાબદારી વધે તેની સામે આર્થિક લાભ ઓછો થાય.** પ્રમોશન ડયૂ હોય તો માર્ચથી જુન દરમ્યાન મળી જાય. જેમને નોકરી બદલવાની ઇચ્છા હોય તેમણે ઉતાવળ કરવી નહીં. નોકરીમાં સ્થળાન્તર થઇ શકે.

### જમીન - મકાન -પ્રોપર્ટી :

પ્રોપર્ટીના કામકાજ માટે આપના ગ્રહમાન આ વરસમાં ઘણાં સારા છે. જો જમીન મકાનમાં રોકાણ કરવાની ઇચ્છા હોય તો આપનું કામ સરળતાથી થઇ જાય. **શરૂઆતમાં બજેટ કરતા વધારે રોકાણ થઇ ગયું છે એવું લાગે પણ પૈસાની સગવડ થઇ જાય. આપની કોઇ જુની પ્રોપર્ટી વેચવી હોય તો તેમાંથી પણ લાભ થાય. બાપ-દાદાની પ્રોપર્ટીમાંથી કંઇ મળવાનું હોય તો 'આવે છે - આવે છે' એવું લાગ્યા કરે પણ આવવામાં વિલંબ થાય.** નવી ગાડી લેવી હોય તો બેધડક લઇ શકાય.

### લગ્ન અને દાંમ્પત્યજીવન :

જેમને આ વરસમાં લગ્ન કરવા હોય એમણે બિલકૂલ ઉતાવળ કરવી નહીં. 'થોભો અને રાહ જુઓ' ની નીતિ અપનાવવી. **ઉતાવળ કરવામાં ગરબડ થઇ જવાની શકયતા છે.** જો કે આ વરસના અંતમાં તમારું કામ થઇ જાય.

દાંમ્પત્ય જીવન માટે આપના ગ્રહમાન સારા છે. **તમે બધી જ બાંધછોડ કરી લેતા હોય તો પછી મતભેદ થવાનો સવાલ જ ઊભો નથી થતો ને!** બસ, તમારા આ સ્વભાવ ને લીધે દાંમ્પત્યજીવન સંતોષકારક રહેશે.

જો કે જેમના પાર્ટનરની રાશિ ધન (ભ - ધ - ફ) કે મકર (ખ.જ.) હશે. તેમની બાબતમાં કોઇ ગેરંટી આપી શકાય નહીં કારણ કે આ બંને રાશિવાળાને શનિની પનોતી ચાલે છે તે સારી નથી.

### સંતાન :

જેમને આ વરસમાં સંતાન પ્રાપ્તિની ઇચ્છા હોય તેમને આ કામમાં થોડો વિલંબ થવાની શકયતા છે. આ વરસના અંતમાં કે આવતા વરસની શરૂઆતમાં આપની ઇચ્છા પૂરી થાય. કોઇ **દવા - ટ્રીટમેન્ટની જરૂર હોય તો કરાવી લેવા**.

જેમના સંતાનો મોટા છે એમને માટે થોડી ચિંતા - ટેન્શન રહેશે. એમના કામમાં વિલંબ થાય એમના અભ્યાસમાં તમારે ધ્યાન આપવું પડે. એમના નોકરી ધંધામાં સ્થિરતા ઓછી રહેશે. જો કે એમની ઉંપર લગ્ન કરવાને લાયક હોય તો લગ્ન થઇ જાય. એમની પરદેશ જવાની ઇચ્છા પણ પૂરી થાય.

### અભ્યાસ :

વિદ્યાર્થી મિત્રો, અભ્યાસને માટે આ વરસનો સમય ખરાબ નથી પણ મધ્યમ છે. એટલે આપની મહેનતના પ્રમાણમાં પરિણામ થોડું ઓછું મળવાની શકયતા છે. **એટલે તમારે જરૂર કરતા થોડી વધારે મહેનત કરવી પડે તો જ તમારું અપેક્ષિત પરિણામ આવી શકે.** આગળના અભ્યાસ માટે એડમિશનમાં થોડો વિલંબ થાય, થોડો ખરચો થાય, પછી કામ થાય. **વધુ અભ્યાસ માટે પરદેશ જવાની ઇચ્છા હોય તો તેમાં પણ વિલંબ થાય.**

### પ્રવાસ :

પ્રવાસ - મુસાફરીને માટે આ વરસનો સમય મધ્યમ છે છતાં વરસ દરમ્યાન બે પ્રવાસ ચોકકસ થાય. ઉપરાંત એકાદ પ્રવાસ સામાજિક કામને માટે પણ થાય. પ્રવાસમાં થોડી મુશ્કેલી પડે. સાધારણ ટેન્શન થાય. **મુસાફરીમાં કિંમતી વસ્તુઓ ખાસ સંભાળીને રાખવી. વરસનાં અંતમાં કોઇ ધાર્મિક હેતુ-સર પ્રવાસ થવાની શકયતા છે.**

### મિત્ર - શત્રુ:

આ વરસમાં શત્રુઓ આપને કોઇ નુકસાન કરી શકે એવું નથી. **પણ મિત્રોથી સંભાળવાની જરૂર છે. કોઇક મિત્ર તરફથી વિશ્વાસઘાત થઇ શકે.** એમની સાથે નાાણાંકિય વહેવારમાં ખૂબ જ સાવધાની રાખવાની જરૂર છે. એકાદ બે - વિઘ્ન સંતોષી માણસો મળે જે તમને બિનજરૂરી ટેન્શન કરી શકે.

### કોર્ટ કચેરી :

વરસ દરમ્યાન કોર્ટ કચેરી કે ગવર્નમેન્ટ ડિપાર્ટમેન્ટ તરફથી કોઇપણ જાતનું ટેન્શન થાય એવું નથી. જો કોઇ કેસ પેન્ડીંગ હોય તો તેનું સમાધાન થઇ જાય અથવા તમારી તરફેણમાં ચૂકાદો આવી જાય. **તમારે સામે ચાલીને કોઇ લફરા ઊભા કરવા નહીં. તેમજ કોઇ ગેરકાયદેસર કારભાર કરવો નહીં.**

### તંદુરસ્તી :

આપની તંદુરસ્તી માટે આ વરસનો સમય સારો નથી. **ખાસ કરીને વરસના ઉત્તરાર્ધમાં તબિયતમાં નાની નાની ફરિયાદ રહેશે. આંખ, કાન, નાક, ગળાની કોઇ તકલીફ થઇ શકે.** ચાલીસ વરસથી મોટી ઉંમરની વ્યક્તિઓ ને બ્લડ પ્રેસર કે ડાયાબિટીસની તકલીફ જો હોય તો વધે અને ન હોય તો શરૂ થાય. જો કે સિરિયસ કશું નથી. આપના ભાઇ બહેનોના કામ અંગે ટેન્શન રહેશે. **એમની તબિયત અંગે ચિંતા રહેશે. જો એમની સાથે સંબંધ બગડયા હોય તો તમારે સામે ચાલીને સુધારી લેવા. ભાઇસાહેબ, શું સાથે લઇને આવ્યા છે અને શું લઇ ને જવાના છે?**